જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૪/૨૦૧૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૬૭૨ /૧૫

(૧)

## કલોલ, G.I.D.C. ખાતેથી કોપરના ભંગારની ચોરી કરનાર ગેંગના મુખ્ય સૂત્રધારને કોપર તથા લોખંડના ભંગારના જથ્થા સાથે ઝડપી પાડી કોપર ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે. શર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ, નાઓના સ્ક્વોર્ડના પો.સ.ઈ. જે.એન.ચાવડા તથા એ.પી. ચૌધરી નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે આરોપી અસ્લમખાન ઉર્ફે નેતાજી મુમતાઝખાન પઠાણ ઉ.વ.-પર રહે. નુરે-ફેઝાન સોસાયટી, ઇકબાલભાઇ અંસારી ના મકાનમાં, ખ્વાજાનગર પાસે, કેનાલ રોડ, વટવા, અમદાવાદ મુળવતન. મ.નં. ૨૧, બાબુપુરવા ના છાપરા, પોલીસ સ્ટેશન પાસે, કાનપુર, ઉત્તરપ્રદેશને આજરોજ તા.૬/૪/૨૦૧૫ નારોજ દાણીલીમડા, બોમ્બે હોટલ, રોયલ રાજસ્થાન સોસાયટી ની સામે, એકતા સ્ક્રેપ નામની ભંગારની દુકાન ખાતેથી ચોરી કરેલ કોપર ની પ્લેટો નંગ-૩૭ વજન ૭૯૦ કિલો તથા લોખંડ નો ભંગાર વજન ૪૪૦ કિલો મળી કુલ કિ. રૂ.૩,૨૪,૮૦૦/- ની મત્તા ના ભંગાર ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

સદર આરોપીની પુછપરછ દરમિયાન આરોપીએ જણાવેલ કે, આજ થી પંદરેક દિવસ પહેલા પોતાના સાગરીતો બાબુ કેવટ, રામપ્રસાદ કેવટ, સુરેશ ઉર્ફે રાજુ કેવટ ત્રણેય રહે. મુળ ઉત્તર પ્રદેશ નાઓએ કલોલ પાસે આવેલ સઇજ જી.આઇ.ડી.સી માં શ્રી અંબિકા ઉધ્યોગ નામ ના ગોડાઉન માંથી કોપરના ભંગારની ચોરી કરી લાવેલ હતા. જેમાંથી ભંગાર અલગ કરતા તેમાંથી કોપર તથા લોખંડનો ભંગાર નિકળેલ હતો. જે કોપરની પ્લેટો બનાવડાવેલ જેનુ વજન ૭૯૦ કિ.ગ્રા. થયેલ તથા લોખંડ ના ભંગાર ૪૪૦ કિ.ગ્રા. થયેલ હોવાનું જણાવેલ છે. સદર કોપર ચોરી અંગે તપાસ કરતા કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુના રજી.નં.૪૯/૧૫ ઇપીકો કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબનો ગુનો નોધાયેલ છે.

પકડાયેલ આરોપી અગાઉ દશ-બાર વર્ષ પહેલા દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ભંગાર ચોરી ના ગુનામાં પકડાયેલ હતો. તેમજ આજથી એકાદ વર્ષ પહેલા દાણીલીમડા, વટવા, ઓઢવ, વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશનો માં ભંગાર ચોરી ના ગુનાઓમાં પકડાયેલ હતો. જેમાં તેના ઉપર પાસા થતા જામનગર જેલમાં પાસા ભોગવી ચુકેલ છે. તેમજ સહ આરોપી પૈકી રામપ્રસાદ કેવટ ભંગાર ચોરીના ગુન્હામાંથી એકાદ મહિના પહેલા છુટી આવેલ હોવાનું જણાયેલ છે. સદર ગુન્હા બાબતે પકડાયેલ આરોપીને વધુ તપાસ અર્થે કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>(૨)</u>

## રાત્રીના સમયે ઓઢવ, જીવનજ્યોત સોસાયટીના મકાનમા દરવાજા વાટે પ્રવેશ કરી ઘરમાં ઘુસી ઘરમાંથી સોનાના દાગીના તથા મોબાઈલ ફોન તથા રાંધણ ગેસના બાટલાની ચોરી કરનાર આરોપીને ચોરી કરેલ મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે.શર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના સ્ક્વોર્ડના પો.સ.ઈ. જે.એન.ચાવડા તથા એ.પી. ચૌધરી તથા એ.એસ.આઈ. રામનારાયણ રામાનંદ નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન સ્ટાફના હેડ કોન્સ. અરુણભાઈ ભગવાનદાસ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી પંકજ ઉર્ફે પ્રકાશ ઉર્ફે પકો સ/ઓ રામજીભાઈ કારેલીયા ઉ.વ.-૩૩ રહે. હાલ બ્લોક નં.૨૭/૪૦૯, ગરીબ આવાસ યોજનાના, ચાર માળીયા, ગુરુદ્વારા પાસે, ઓઢવ, અમદાવાદ. મુળ ગામ ધોળકા, સોનાર કુઈ, રોહિત વાસ, તા.ધોળકા, જિ.અમદાવાદનાને ઓઢવ, છોટાલાલની ચાલી ચાર રસ્તા પાસેથી આજરોજ તા.૬/૪/૨૦૧૫ નારોજ પકડી અટક કરવામા આવેલ છે. સદરી પાસેથી સોનાની ચેઈન નંગ-૧, સોનાની કાનની બુટ્ટી જોડી નંગ-૧ કુલ્લે કીંમત રૂપિયા ૩૧,૨૦૦/- તથા એક મોબાઈલ ફોન કિ.રૂ.૧૧,૦૦૦/- તેમજ એક ભારત ગેસ કંપનીનો રાંધણ ગેસનો ખાલી બાટલો, કિ.રૂ.૧,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૪૩,૨૦૦/- ની મત્તાનો મુદ્દામાલ મળી આવતા તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ છે.

આરોપીની પુછપરછ કરતા ઉપરોક્ત કબ્જે કરેલ સોનાની ચેઈન, સોનાની બુટ્ટી, મોબાઈલ ફોન તથા ભારત ગેસ કંપનીનો બાટલો પોતે આજથી પંદર દિવસ પહેલા રાત્રીના સમયે ઓઢવ ગામ, જીવનજ્યોત સોસાયટીમાં પ્રવેશતા આવેલ પહેલા મકાનમાં ખુલ્લા દરવાજા વાટે પ્રવેશ કરી મકાનમાંથી ચોરી કરેલાનું જણાવે છે. જે બાબતે આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)